

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

મે-૨૦૧૪ અંક - ૫ વર્ષ : ૫૩ સળંગઅંક : ૪૦૭
માસિક કિંમત - ૧૦/- વાર્ષિક લવાજમ - ૧૦૦/-

## નવયુગ શુભેચ્છક

### માતુશ્રીની
### અગીયારમી પૂણ્યતીથીએ શ્રદ્ધાસુમન



અક્ષરવાસી. મોહનલાલ વલ્લભરામ મિસ્ત્રી

અક્ષરવાસી અ.સૌ. ધીરજબેન મોહનલાલ મિસ્ત્રી
અક્ષરવાસ : ૨૫.૦૫.2003

નાનકડો પણ ઉત્તમ શબ્દ ‘બા’ થી શ્રેષ્ઠ ન બીજો શબ્દ.
બચપણથી ‘બા’ શબ્દ ગમ્યો, અંદર રગ રગ રમ્યા કર્યો.
‘બા’ શબ્દ છે સઘળો સાર, એ વિના બીજુ નિસ્સાર.
ના જાણું ભકિત કે ધ્યાન, તારૂં રહો ‘બા’ અનુસંધાન.
અગીયારમી પૂણ્યતિથિએ શ્રદ્ધાસુમન અર્પણ કરીએ છીએ....

**અર્પણકર્તા**

ડો. મહેશભાઈ એમ. મિસ્ત્રી   મીરાબેન મહેશભાઈ મિસ્ત્રી
શ્રી મૌલિક મહેશભાઈ મિસ્ત્રી   નિપા મૌલિક મિસ્ત્રી
ડો. વિસ્મય મહેશભાઈ મિસ્ત્રી   ખુશ્બુ વિસ્મય મિસ્ત્રી
ઘર : ૭-૮, મેઘના આર્કેડ, ચૌટાબજાર પોલીસ ચોકી સામે,
અંકલેશ્વર   ફોન : ૨૪૬૬૧૧,
દવાખાનુંઃ જોષીયા ફળીયા, અંકલેશ્વર
ફોન : ૨૪૬૫૧૧,   મો. ૯૮૨૫૨ ૮૨૭૮૯

શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી   દક્ષાબેન દિનેશભાઈ મિસ્ત્રી
શ્રી મલય દિનેશ મિસ્ત્રી   ભાવના મલય મિસ્ત્રી
ચિ. અક્ષત મલય મિસ્ત્રી
શ્રી સ્વપ્નીલ ડી. પંચોલી   બિન્ની સ્વપ્નીલ પંચોલી
ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, હર્ષ પાર્ક, મેઘા ઓટોમોબાઈલ્સ
શો રૂમ સામે, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર
ફોન : ઓ-૨૫૨૮૫૨   મો. : ૯૮૨૪૧ ૭૧૯૩૦

અનુરાધાબેન મનુભાઈ મિસ્ત્રી

## નવયુગ શુભેચ્છક

### ૨૯મી પૂણ્યતિથિએ
### ભાવભીની શ્રદ્ધાંજલિ




સ્વ.ભીખાભાઈ ઈશ્વરભાઈ પંચોલી
જન્મ.તા.૦૧/૧૧/૧૯૨૮   જા.વા.તા. ૨૩/૦૫/૧૯૮૫

આજે પણ તમારા સત્કર્મોની સુવાસ ચો તરફ માણી શકાય છે
આજે પણ સમગ્ર પરિવાર તમારી પ્રત્યક્ષ ન હોવાની
ખોટ અનુભવી રહ્યો છે. આજે પણ તમારી દરેક દીકરીઓ
જીવનની દરેક સફળતામાં તમારા આશીર્વાદ પામી
ધન્યતા અનુભવી રહી છે.
‘જીવન કેટલું જીવ્યા એ મહત્વનું નથી પરંતુ,
કેવું જીવ્યા, કોના માટે જીવ્યા તે મહત્વનું છે.’
આ વાત તમે તમારા ટૂંકા પરંતુ શ્રેષ્ઠ જીવનકાળ દરમ્યાન
સાબિત કરી બતાવી. તમારા સત્કર્મોરૂપી જયોત,
અમારા કર્મો દ્વારા હંમેશા પ્રજવલિત રહે એજ
મહારાજ સ્વામીના ચરણોમાં અંતઃકરણથી પ્રાર્થના....

**અર્પણકર્તા**

પદમા - જયોતિ - માયા - પ્રવિણા
હેમા - ગીતા - સોનલ - અલોકી
તથા સમગ્ર પરિવારજનો....

# શ્રદ્ધા સુમન



## સ્વ. કમળાબેન છીતાભાઈ પંચોલી

**જન્મ : ૦૫-૦૩-૧૯૨૧, સ્વર્ગવાસ : ૧૦-૦૪-૨૦૧૪**

**ચક્ષુદાતા - દેહદાતા**

સાદું જીવન - સારા વિચાર - શિક્ષણ માટે પ્રેમ - મરણોત્તર ખોટાખર્ચના વિરોધી - ચક્ષુદાતા - દેહદાન દ્વારા નશ્વર કાયા વિદ્યાર્થીઓને શિક્ષણમાં ઉપયોગી થાય એવો સંકલ્પ - જૂની પેઢીના હોવા છતાં પ્રગતિશીલ વિચારના 'કમળા બા' ને કોટિ કોટિ વંદન. પ્રભુ તેમના આત્માને સદ્‌ગતિ આપે એ જ પ્રાર્થના.

### સ્વ. છીતાભાઈ દામોદરભાઈ પંચોલી પરિવાર

**ગં.સ્વ. ઈન્દુબેન ઈન્દ્રવદન પંચોલી**
**હિતેશ ઈન્દ્રવદન પંચોલી**
૨૦૩-એ, મહાદેવનગર, ઉધના, સુરત-૧૦
ફોન : ૯૮૨૫૬૫૩૧૨૩, ૦૨૬૧-૨૨૮૧૪૭૧

**ગં.સ્વ. શારદાબેન ચંદ્રવદન પંચોલી**
૨૭/૨૫૦, સત્યનગર ૨, મેઈન રોડ, ઉધના, સુરત-૧૦
ફોન : ૯૬૮૭૭ ૩૨૬૩૭

**ગં.સ્વ. ઉર્વશીબેન રમેશચંદ્ર પંચોલી**
જી-૪, આકાશદીપ એપાર્ટમેન્ટ, ન્યુ ગુજરાત ગેસ રોડ, શિવાજી ચોક, અડાજણ, સુરત-૯
ફોન : ૦૨૬૧-૨૭૩૨૬૫૯

**સૌ. મંજુલા અને ચંદ્રકાન્ત સી. પંચોલી**
**સૌ. દિગીશા અને ડૉ. પુલકિત સી. પંચોલી**
સી-૧, મહાલક્ષ્મી સોસાયટી, જંગલેશ્વર મહાદેવ પાસે, નવજીવન, આજવા રોડ, વડોદરા-૧૯.
ફોન : ૦૨૬૫-૨૫૧૦૨૧૫, ૯૪૦૮૭૭૧૮૬૪

**જયકીશન સી. પંચોલી**

**હરિહર સી. પંચોલી**
૨/૩૦૪, હરિનગર, ઉધના, સુરત-૧૦
ફોન : ૦૨૬૧-૨૨૭૯૨૧૩

**સૌ.મીનાક્ષી અને ડૉ. નરેશ સી. પંચોલી**
ડી-૨૦૫, પ્રજીત એપાર્ટમેન્ટ, નહેરુ નગર પાછળ, ઉમરા, સુરત-૭., ફોન : ૦૨૬૧-૨૨૫૨૮૯૫

**વ્યારા નિવાસી શ્રીમતી સરસ્વતીબેન અને અરવિંદભાઈ નારણદાસ પંચોલીની ૫૦ મી મેરેજ એનીવર્સરી અને શ્રી અરવિંદભાઈની ૭૫મી *Birthday* નિમિતે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને,**







**શ્રી અરવિંદભાઈ પંચોલી**
જન્મ : તા. ૧૭-૦૧-૧૯૪૦


૫૦મી મૅરેજ ઍનીવર્સરી
તા. ૧૬.૫.૨૦૧૪

**શ્રીમતી સરસ્વતીબેન પંચોલી**
જન્મ તા. ૦૧-૦૯-૧૯૪૪

**₹ ૧,૧૧,૧૧૧/- એક લાખ અગિયાર હજાર એકસો અગિયાર રૂપિયા પુરા શૈક્ષણિક વ્યાજ વપરાશ ફંડમાં મળ્યા છે.**

'સુર્યનારાયણ' ૧/૮૦૮, રાયકવાડ સ્ટ્રીટ, વ્યારા જિ.તાપી ૩૯૪ ૬૫૦
PHONE : 02626-222959 MOB. : +91 8980874661/ +918141683919

*Best wishes and congratulations to Dad – Mom / Baa - Daadaa*



આશિષ - ભાવના



અંજના - પ્રવિણકુમાર



લાગણી શુભમ્





અનમોલ

3045, Kilarney Ridge Loop
CARY NC 27511(U.S.A.)
Phone : 704-552-1743 - H. 919-457-8657 M.

9612, Autumn Applause Dr.
CHARLOTTE NC 28277 (U.S.A.)
Phone : 704-542-9070 H. - 704-551-2887 M.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**એપ્રિલ-૨૦૧૪**

**પંચોલી નવયુગ**

રજી. નં.: A/1822 ભરૂચ

**પ્રકાશનનું સ્થળ**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેધા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક

પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર

માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| કલર પેજ ફક્ત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ₹ ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૬૫૦/- |
| પા પેજ | ₹ ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ₹ ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક** ₹ ૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક** ₹ ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | | |
|---|---|---|
| **માસિક કિંમત** | - | **૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | - | **૧૦૦/-** |

# તંત્રી નોંધ.......

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો.

સૂરજદાદાની ગરમી સાથે ચૂંટણીનો ગરમાવો પણ આપણે માણી રહ્યા છીએ અને સાથે સાથે મતાધિકારની પવિત્ર ફરજ પણ સૌએ બજાવી જ હશે એવી આશા રાખું છું.

મે મહિનો રીઝલ્ટનો મહિનો. વર્ષ દરમ્યાન કરેલ મહેનતનો ફળ પામવાનો મહિનો.... દરેક વિદ્યાર્થી મિત્રોને અચૂક સફળતા મળે એવી પ્રભુપ્રાર્થના....

વધતી જતી ગરમી સાથે સાથે દાનનો પ્રવાહ, યુવાનોમાં જાગૃતતા અને મહિલા મંડળમાં ચેતનાનો સંચાર...ધીરે ધીરે પણ ચોકક્સ રીતે પંચોલી સમાજની લહર વાયબ્રન્ટ બનવાના રસ્તે પગરવ માંડી રહી છે....

મુંબઈ આવિષ્કાર ગ્રુપ વિવિધ પોગ્રામો સાથે પંચોલી ખેલો-પંચોલી જીતો...હોળી પર્વ, પીકનીક જેવા કાર્યક્રમો કર્યા, સ્વયં ગ્રુપ સુરત તીથલ પીકનીક જઈ આવ્યું.. સ્વર યુથ ગ્રુપ-વ્યારા પણ પીકનીક, દર્દીઓને ફ્રુટ વિતરણ જેવા કાર્યક્રમો કરી રહ્યા છે જયારે અંકલેશ્વર સ્વયં ગ્રુપ મંદબુદ્ધિના બાળકોને રમકડાં અને બિસ્કીટ વિતરણનો સફળ કાર્યક્રમ લેસ્ટરના ભાઈઓ તરફથી મળેલ સહાયમાંથી કર્યો છે.... વડોદરામાં બે વર્ષથી નિષ્ક્રીય બનેલ મહિલા મંડળ શ્રીમતિ જયોતિબેન એસ. પંચોલીના સુકાની પદ હેઠળ ફરી સક્રિય બન્યું છે... પંચોલી પ્રગતિ મહિલા મંડળ, વ્યારા મહિલા મંડળના અધ્યક્ષા આનંદીબેને આપેલ પ્રોજેકટો તરફ આગળ વધી રહ્યા છે અને મહિલા સંમેલન યોજવાના પણ પ્રયત્નો શરૂ થઈ ગયા છે.... અંકલેશ્વર મહિલા મંડળ ભરૂચ ખાતે આવેલ વૃદ્ધાશ્રમમાં ચાદર અને રૂમાલ વિતરણ તથા ઓસારા (ભરૂચ) ગરીબોને કપડા વિતરણ કરી મંડળને ચેતનવંતુ રાખ્યું છે....

લેસ્ટરના શ્રીમતિ સરસ્વતીબેન અને પ્રવિણભાઈ ગોપાળભાઈ પંચોલીના માતબર દાન બાદ વ્યારાના તથા જેમને હૈયે પંચોલી સમાજનું હિત સદાય વસ્યુ છે એવા શ્રી અરવિંદભાઈ નારણદાસ પંચોલી અને શ્રીમતિ સરસ્વતીબેન તરફથી રૂા. ૧,૧૧,૧૧૧/-નું માતબર દાન મળ્યું છે... તથા પ્રમુખશ્રી મનિષભાઈની ટહેલને સુંદર પ્રતિસાદ મળ્યો છે.. અને હરીપુરા-સુરતથી પણ દાનના શ્રી ગણેશ કર્યા છે... દરેક એકમો પણ એમની ટહેલને સારો પ્રતિસાદ આપશે જ એવી

આશા અસ્થાને નથી...તથા પંચોલી નવયુગને લેસ્ટર નિવાસી ગં.સ્વ. ચંપાબેન રતિલાલ પંચોલી તરફથી એમના સ્વજનોની સ્મૃતિમાં ત્રણ નવયુગ શુભેચ્છક મળ્યા છે....સર્વે દાતાઓનો ખૂબ ખૂબ આભાર....

રૂઢીચુસ્ત સમાજ અને અંધશ્રદ્ધાના સમય દરમ્યાન ચક્ષુદાન અને દેહ દાનનો સંકલ્પ કરવો એ આશ્ચર્યની વાત ગણાય...અમારી પડોસમાં રહેતા માજીને અમે ચક્ષુદાન માટે કહેતા ત્યારે તેઓ જવાબ આપતા કે શું આંધળા થઈને સ્વર્ગમાં જવાનું ? સ્વર્ગની સીડી કેવી રીતે દેખાશે...? એમને સમજાવતા કે તમારી બે આંખથી બે વ્યકિત દેખતા થશે... પણ રે.....અંધશ્રદ્ધા.... ત્યારે નવા અભિગમ સાથે વડોદરાના પંચોલી સમાજ વરિષ્ઠ નાગરિક મંડળના મંત્રીશ્રી ચંદ્રકાંતભાઈના માતુશ્રી કમળાબેન છીતાભાઈ પંચોલીએ ચક્ષુદાન સાથે દેહદાન કરીને એક નવો ચીલો ચાતર્યો છે..... સાથે સાથે પરિવારજનોએ ચાંદોદ ખાતે વિધિ કરાવી અને પંચોલી સેવા સમાજ ટ્રસ્ટને માતબરદાન આપ્યું છે... ખરેખર અનુકરણિય છે. આ બાબતમાં આપણે પણ કંઈક વિચારીશું.... અસ્તુ....

દિનેશભાઈ એમ. મિસ્ત્રી
તંત્રી-પંચોલી નવયુગ

## પ્રમુખ નોંધ......

મનિષભાઈ એમ. પંચોલી
પ્રમુખ - શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સુજ્ઞ જ્ઞાતિજનો,

સૌ જ્ઞાતિજનો ને મારા નમસ્કાર,

લોકસભાની ચુંટણીની ગરમી અને કુદરતની ગરમીઓ વધી રહી છે. સૌ જ્ઞાતિજનોને વિનંતી કે, આપણા મતનો ઉપયોગ કરી આપણા સમાજ ધ્વારા ૧૦૦% મતદાન કરીએ.

ગત અંકમાં સુવર્ણ જયંતિની ઉજવણી પ્રસંગે મહામંડળ ધ્વારા એક નવા ફંડની જાહેર અપીલ કરવામાં આવેલ છે. તેમજ દરેક એકમનાં પ્રમુખ/મંત્રી તથા કારોબારી સભ્યોને પણ તેની નકલ મોકલવામાં આવેલ છે. જાહેર અપીલનો ઘણો સારો પ્રતિસાદ મળી રહયો છે સુરતનાં હરીપુરા મહોલ્લાનાં તા. ૧૩-૦૪-૨૦૧૪ નાં કાર્યક્રમમાં આયોજકો ધ્વારા આમંત્રણ આપતાં અમો હાજર રહયા હતાં. હરીપુરા મહોલ્લાનાં કાર્યક્રમમાં ઉપસ્થિત જ્ઞાતિજનો તરફથી સુંદર સહકાર પ્રાપ્ત થયો છે. મહામંડળના નવા ફંડનાં શ્રી ગણેશ કર્યા, એક મહોલ્લાનાં કાર્યકરો એ ભેગા થઇ ને સુંદર આયોજન કરેલ છે. શ્રી જતીનભાઇ પંચોલી તથા તેમની ટીમને હાર્દિક અભિનંદન આપી આભાર માનુ છું આ પ્રસંગે દાન આપનાર દરેક જ્ઞાતિજનોનો પણ હું હાર્દિક આભાર માનુ છું. મિત્રો, ગત નવયુગનાં અંકમાં જાહેર અપીલમાં બેંકનાં ખાતા નંબર પણ જણાવવામાં આવેલ છે. જે મિત્રો આ યોજનામાં સહકાર આપવા માંગતા હોય તેવા તમામ મિત્રો ને વિનંતી કે, દાનની રકમ જણાવેલ બેંકના ખાતામાં જમા કરી તેની જાણ અમોને કરશો, અમો શકય એટલા તમામ એકમોમાં રૂબરૂ જવાના છે પરંતુ અમારી રાહ જોયા વિના પણ તમો અમોને સહકાર આપશો અને બેંકમાં રકમ જમા કરાવશો તો આનંદ થશે, અને આપણા સૌનો સમય બચશે.

મુંબઇ એકમનાં રામ નવમીનાં કાર્યક્રમનું આમંત્રણ મળ્યુ. પરંતુ ચુંટણીની ફરજમાં રોકાયેલ હોવાથી હાજર રહી શકાયુ ન હતું. જે બદલ હુ દિલગીરી વ્યકત કરૂ છું મુંબઇ એકમનાં મારા મિત્રો ઘણા બીઝી હોવા છતાં દર વર્ષે આવા સુંદર કાર્યક્રમો કરે છે જે માટે મુંબઇ એકમનાં મારા તમામ કાર્યકરોને હું હાર્દિક અભિનંદન પાઠવુ છું. મુંબઇ એકમનાં કાર્યકરોની મહેનત થી મુંબઇ એકમ બીજા એકમો માટે પ્રેરણા સ્ત્રોત બન્યુ છે.

મુંબઇ એકમનાં તમામ જ્ઞાતિજનોને હું વિનંતી કરૂં છુ કે, મહામંડળ ધ્વારા સુવર્ણ જયંતિ પ્રસંગે જે દાન માટે જાહેર અપીલ કરવામાં આવી છે તેમાં વધુ ને વધુ તમારા એકમમાંથી સહકાર મળે એવી હું અપેક્ષા રાખુ છું. આપના સહકારથી બીજા આપણા જ્ઞાતિજનોને મદદરૂપ બની શકીશું. મુંબઇ એકમનાં હોદ્દેદારો આ કાર્યમાં અમોને અવશ્ય સહકાર આપશે જ. મુંબઇ એકમમાં દરેક જ્ઞાતિજનોને રૂબરૂ મળવું અશકય છે જેથી હું આ તબકકે અપીલ કરૂં છું કે, મારી આ ટહેલને રૂબરૂ મળ્યા તુલ્ય સમજી અવશ્ય સહકાર આપશો.

મિત્રો, આપણા સમાજનાં વિદ્યાર્થીઓની પરીક્ષાઓ પૂર્ણ થઇ ગઇ હશે, હવે પરિણામોની રાહ જોવાઇ રહી છે, પરિણામો આવ્યા બાદ કયા ક્ષેત્રે આગળ વધવુ એ ખુબ મુશ્કેલ કાર્ય છે. મોટા એકમો વિદ્યાર્થીઓ માટે શિબીરોનું આયોજન કરી મદદરૂપ થાય એવા આયોજનો હાથ ધરવા વિનંતી કરૂ છું. તેમજ દરેક એકમો વેકેશનમાં પોતાનાં એકમોમાં વિદ્યાર્થીઓ-બાળકો માટે રમત-ગમતનું આયોજન કરે જેથી બાળકો પણ રમત ક્ષેત્રે આગળ આવે.

વ્યારા ના શ્રીમતી સરસ્વતીબેન અને શ્રી અરવિંદભાઇ નારણદાસ પંચોલીની ૫૦ મી મેરેજ એનેવર્સરી તથા શ્રી અરવિંદભાઇ ની ૭૫ મી બર્થ ડે નિમિતે મહામંડળને શૈક્ષણિક સહાય માટે વ્યાજ વપરાશ ફંડ તરીકે રૂા. ૧,૧૧,૧૧૧/- નું માતબર દાન મળેલ છે શ્રી અરવિંદભાઇ તથા શ્રીમતી સરસ્વતીબેન ને હાર્દિક શુભ કામનાઓ પાઠવું છું અને મહામંડળને સહાયરૂપ થવા બદલ શ્રી અરવિંદભાઇ તથા તેમની ફેમીલીના તમામ સભ્યોનો હાર્દિક આભાર માનુ છું.

મહામંડળનાં નવા ફંડમાં સહાયરૂપ થનાર સૌ દાતાઓનો આભાર માનુ છું. અસ્તુ.

---

### શ્રી પંચોલી સેવા મંડળ તથા
### શ્રી પંચોલી જ્ઞાતિ વાડી ટ્રસ્ટ રાજપીપલા

# પંચોલી સમાજને હાકલ

વ્હાલા જ્ઞાતિજનો,

રાજપીપલા એકમની ૯૫ વર્ષથી પણ જુની ધરોહર તથા આપણાં સૌના વડવાઓએ કઠોર પરિશ્રમથી ઉભી કરવામાં આવેલ ‘આપણી વાડી’ ના જીર્ણોદ્ધાર કરવાની તાતી જરૂરીઆત ઉભી થયેલ છે. જેની કામગીરી શરૂ કરી દીધેલ હોય રાજપીપલાના વતની તથા સમાજના દેશ-વિદેશમાં વસતાં જ્ઞાતિજનોને આપણાં સમાજનું ત્રણ અદા કરવા નમ્ર હાકલ કરીએ છીએ.

**વાડી અંગે કરેલ તથા કરવા યોગ્ય કામની ટુંકી વિગત**

* વાડીની આગળનો ભાગ જર્જરીત થતા ઉતારી લેવામાં આવેલ છે.
* વાડીની ચારેબાજુની દિવાલો મજબૂત કરી છ ફુટની ઉંચાઇ વધારી પતરાનો સેડ એક તરફ કરેલ છે.
* વાડીની પાછળ દિવાલોને ચારે તરફ નવેસરથી પ્લાસ્ટર કરવાનું કામ ચાલું છે.
* વાડીના ઉપરના માળનું રીપેરીંગ તથા ફલોરીંગ અને સીલીંગનું કામ કરવાનું બાકી છે.
* વાડીની અંદર તથા બહારના ભાગનું કલરકામ કરવાનું બાકી છે.
* વાડીના પગથીયા નવેસરથી બનાવવાની તાતી જરૂર છે.

વતનનું અને સમાજનું ત્રણ અદા કરવાની સુવર્ણ તક હોય આપની સહયોગ રાશી નીચે જણાવેલ નામે મોકલવા નમ્ર અરજ કરવામાં આવે છે.

શ્રી સુરેશભાઇ જે. પંચોલી-જયંત વસ્ત્ર ભંડાર, રાજપીપલા. મો. ૯૪૨૬૮ ૮૨૫૬૪
શ્રી જયેશભાઇ સી. પંચોલી માલીવાડ, રાજપીપલા. મો. ૯૪૨૬૪ ૭૨૮૩૭

---

### શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# માતબર દાન



**શ્રીમતિ સરસ્વતીબેન અરવિંદભાઇ પંચોલી અને**
**શ્રી અરવિંદભાઇ નારણદાસ પંચોલી**

**વ્યારા નિવાસી શ્રીમતિ સરસ્વતીબેન અને**
**શ્રી અરવિંદભાઇ નારણદાસ પંચોલી**
ની ૫૦ મી મેરેજ એનીવર્સરી તથા
શ્રી અરવિંદભાઇ નારણદાસ પંચોલીની ૭૫મી બર્થ ડે
નિમિતે શ્રી અરવિંદભાઇ તથા તેમની ફેમીલી તરફથી
**રૂા. ૧,૧૧,૧૧૧/- શૈક્ષણિક સહાય**
**વ્યાજ વપરાશ ફંડ**
માટે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને મળ્યું છે.....
એ બદલ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
દાતાઓનો ખૂબ ખૂબ આભાર માને છે..

શ્રી મનિષભાઇ એમ. પંચોલી - પ્રમુખ
શ્રી ચંદ્રવદન જે. પંચોલી - મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

## શ્રી પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ-વડોદરા

# એક અનુકરણિય અભિગમ



**ચક્ષુદાતા-દેહદાતા**
**સ્વ. કમળાબેન છીતાભાઈ પંચોલી-વડોદરા**

જન્મ-મરણ ઈશ્વરને આધિન છે, પરંતુ મરનાર અને તેના પરિવારજનો જયારે કંઈક અનુકરણિય કાર્ય કરે છે ત્યારે એ મરણનું સ્મરણ બળવાન બની જાય છે.

ગં.સ્વ. કમળાબેન છીતાભાઇ પંચોલીએ ગાયકવાડી શાસનમાં ત્રણ-ચાર ધોરણનું પ્રાથમિક શિક્ષણ લીધું હતું. નાની ઉંમરમાં લગ્ન પછી અનેક તડકાં - છાયડામાંથી પસાર થતાં થતાં જીવનનું ઘડતર થયું. શિક્ષણનું મહત્વ સમજાયુ અને સ્વ. હીરાભાઈના સંગે ભકિતભાવ વધ્યો. સાત સંતાનોના બહોળા પરિવારને મુશ્કેલ પરિસ્થિતિમાં ભણાવ્યાં. દીકરી પાલ વિભાગની સમાજની પ્રથમ સિનિયર પી.ટી.સી. શિક્ષિકા બની. સૌથી નાનો દીકરો ગોલ્ડ મેડલ મેળવી અમેરિકન રોટરી ફાઉન્ડેશનની સ્કોલરશીપ મેળવી ઈંગ્લેન્ડમાં અભ્યાસ કરી સમગ્ર સમાજનો સૌ પ્રથમ ટીસ્યુ કલ્ચર વિષયમાં ડોકટર બન્યો. સાદું જીવન, સારા વિચાર અને નિર્વ્યસનતાનો સ્વ. કમળાબેન અને છીતાભાઈએ પરિવારને વારસો આપ્યો.

૧૯૯૩માં પરિવારના મોભી છીતાભાઈનું અવસાન થયું. તેમની ઈચ્છા મુજબ ચક્ષુદાન કરવામાં આવ્યું. આ પળે જ કમળાબેને ચક્ષુદાન સહિત દેહદાન કરવાનો સંકલ્પ કર્યો. મરણ બાદ થતાં ખોટા ખર્ચાનાં તેઓ વિરોધી હતાં. આવા ખર્ચ ન કરી સમાજને ઉપયોગી થવામાં નાણાં વપરાય તો વધુ સારું એવું તેઓ માનતાં હતાં.

તેઓ પિયરમાં બહોળા પરિવારનાં સૌથી વડિલ 'ફોઈ' અને સ્વ પરિવારમાં સૌનાં વ્હાલા વ્હાલા 'બા' હતાં. તા. ૧૦મી એપ્રિલ ૨૦૧૪ની સંધ્યાએ સૌ સંતાનોની ઉપસ્થિતિમાં હરિસ્મરણ કરતાં કરતાં તેમણે અંતિમ શ્વાસ લીધા. તેમના સંકલ્પ પ્રમાણે તેમનાં ચક્ષુદાન અને દેહદાન કરવામાં આવ્યાં. પરિવારજનોએ ચાંદોદમાં તેમની પીંડદાન સહિતની વિધિ કરાવી. પંચોલી ભવન માટે સ્વર્ગસ્થ કમળાબેન અને સ્વ. છીતાભાઇ પંચોલીના પરિવારજનોએ પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ, વડોદરાને અગાઉના રૂા. ૨૫,૦૦૦/-નાદાન સહિત કુલ રૂા. ૧,૧૧,૧૧૧/- નું દાન આપ્યું. સ્વ. બા-બાપુજીના સંકલ્પને પરિપૂર્ણ કરનાર સ્વર્ગસ્થના પરિવારના અનુકરણિય અભિગમની પંચોલી સમાજ વડોદરા સાભાર સહ સરાહના કરે છે.....

શ્રી રમેશભાઈ પંચોલી
પ્રમુખ-પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ, વડોદરા

**નોંધ : આગામી સામાન્ય સભા યોજવાની જે એકમની ઈચ્છા હોય તેમણે મહામંત્રીશ્રી ચંદ્રકાંતભાઈનો સંપર્ક કરવો.**

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ની

# સામાન્ય સભા

જુલાઈ માસમાં યોજવામાં આવશે. તો આપના એકમના એજન્ડા

**તા. ૧૫.૦૬.૨૦૧૪**

સુધીમાં મહામંત્રીશ્રીને નીચેના સરનામે મોકલી આપવા વિનંતી.
સ્થળ, તારીખ અને સમય પાછળથી જાણ કરવામાં આવશે.

**મહામંત્રીશ્રી શ્રી ચંદ્રકાંતભાઈ જે. પંચોલી**
૬૯-એ, 'અત્રિઅનસુયા', રાજેન્દ્રનગર સો. જલારામ મંદિર રોડ,
રાજપીપલા. જિ. નર્મદા ૩૯૩ ૧૪૫ મો. : ૯૪૨૮૭ ૨૧૫૯૭

# Heartly Congratulations..........Blessing By.......



Hardik Weds Dhara
on 16th Feb.2014

## Hardik

*(Son of Mrs. Jyotyben*
*& Mr. Karuneshbhai Umedbhai Zaveri)*
*Mrs. Hiral & Mr. SheetalKumar M. Pancholi*
*Chi Vrutti S. Pancholi*

302, Darsan Appt. Jogani Nagar, Nr. Jain Temple,
Opp. Santi Nagar Soc., Anand Mahal Road,
Adajan, Surat
Karuneshbhai-99981 97025
Hardik-94283 94414
Ph. : 0261-2770329

## Dhara

*(D/o.Mrs. Kiranben Dipakbhai Zaveri*
*& Mr. Dipakbhai C. Zaveri)*
*Kapilaben & Champaklal R. Zaveri*
*Nikhi D. Zaveri*

## હેપી મેરેજ એનીવર્સરી



શ્રીમતિ જયોતિબેન હિતેશભાઇ પંચોલી
શ્રી હિતેશભાઇ રતિલાલ પંચોલી
મૅરેજ : ૧૬.૦૫.૧૯૮૯
૨૫મી મૅરેજ ઍનીવર્સરી નિમિત્તે
શુભેચ્છા સહ પ્રણામ
ચિ. કૃણાલ હિતેશભાઇ પંચોલી
ચિ. સાગર હિતેશભાઇ પંચોલી
બાજીપુરા

## હેપી મેરેજ એનીવર્સરી



શ્રીમતિ નિરમિક્ષાબેન અતુલભાઇ પંચોલી
શ્રી અતુલભાઇ મોહનલાલ પંચોલી
મૅરેજ : ૧૬.૦૫.૧૯૮૯
૨૫મી મૅરેજ ઍનીવર્સરી નિમિત્તે
શુભેચ્છા સહ પ્રણામ
કુ. ટવીંકલ અતુલભાઇ પંચોલી
ચિ. વિનિત અતુલભાઇ પંચોલી
નાલા સોપારા-મુંબઇ

નવયુગ શુભચિંતક શ્રીમતિ કલાબેન દિનેશચંદ્ર પંચોલી વડોદરા શ્રી મહેન્દ્રભાઇ પરસોત્તમદાસ પંચોલી વડોદરા

# પ્રથમ પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી



**સ્વ. વિજયકુમાર નવનીતલાલ પંચોલી**

જ.તા. ૯.૧૨.૧૯૭૩ સ્વ. તા. ૨૩.૫.૨૦૧૩

સમય જિંદગીનો ઓછો હશે કયાં ખબર હતી....
વિદાય તારી અણધારી હશે કયાં ખબર હતી....
હમણાં આવુ છું કહી રસ્તામાં રોકાઇ ગયો...
આંખો રડે... હૈયુ રડે... જોઇને તસ્વીર તારી....
પ્રભુ તારા દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**અર્પણકર્તા**

નવનીતભાઇ ડાહ્યાભાઇ પંચોલી રશ્મીબેન નવનીતભાઇ પંચોલી
દિનેશચંદ્ર નવનીતભાઇ પંચોલી
કિશન દિનેશચંદ્ર પંચોલી કૃવેશ વિજયકુમાર પંચોલી
સંજયકુમાર રમેશભાઇ પંચોલી અંજુબેન સંજયકુમાર પંચોલી

મેઇનબજાર, વ્યારા. જિ. તાપી. ફોન : ૦૨૬૨૬-૨૨૦૫૧૧

# shaadi.com




નામ : **સુમિત**
જન્મ તા. : ૨૧.૧૦.૮૮ સમય : સવારે ૬.૧૦ કલાકે
ઉંચાઇ : ૫'૫'' વજન : ૫૦ કિલો
અભ્યાસ : I.T.T.(Mechinical)

**ચિ. સુમિત**
**મે મહિનામાં ૭૫ દિવસ માટે**
**દુબઈથી**
**ભારત આવનાર છે.**

શ્રી ભરતકુમાર કાંતીલાલ મોદી
શ્રીમતિ ગીતાબેન કાંતીલાલ મોદી
શ્રીમતિ દિપીકા વિલાસ ગાંધી
શ્રી વિલાસ મધુકાંતભાઇ ગાંધી
સરનામુ : ૫૦૩, પાર્શ્વએપાર્ટમેન્ટ,
ગુલાબદાસની વાડી, લુન્સીકુઇ,
નવસારી-૩૯૬ ૪૪૫
મો. : ૯૭૨૭૭ ૯૭૭૦૬/૯૮૨૫૧ ૯૪૯૭૩

# શ્રદ્ધાંજલી



**સ્વ. પદમાબેન ચંપકભાઈ પંચોલી**
જન્મ : ૧૧-૪-૧૯૪૪ સ્વર્ગવાસ : ૧૫-૪-૨૦૧૪

**અર્પણકર્તા**
શ્રી ચંપકલાલ ઠાકોરદાસ પંચોલી
વૈશાલીબેન અને યોગેશભાઇ ચંપકલાલ પંચોલી
શીતલબેન અને સંજયભાઇ ચંપકલાલ પંચોલી
ચિ. અક્ષર યોગેશભાઇ પંચોલી
ચિ. જીયા યોગેશભાઇ પંચોલી
ઑફ-૨૦૧, ક્રિસ્ટલ ઍવન્યુ, કેનાલરોડ,
પાલનપુર જકાતનાકા, સુરત

# હેપી મેરેજ એનીવર્સરી



**શ્રીમતિ કૃપાબેન તથા શ્રી કલ્પેશકુમાર**
૧૧.૦૫.૨૦૧૪ ના રોજ
લગ્નજીવનની ૧૦મી ઍનીવર્સરી નિમિત્તે
હાર્દિક શુભેચ્છાઓ....
શ્રી ચિંતુકુમાર બી.મિસ્ત્રી શ્રીમતિ વૈશાલી સી. મિસ્ત્રી
ચિ.પ્રિયા, ચિ.રાજ , ચિ.શ્રેયા
૩૦૩ પાલવ કોમ્પલેક્ષ, કાદીપોર રોડ, ગણદેવી.
મો. ૮૭૫૮૫૬૪૩૪૧,૯૩૭૪૦૩૨૧૫૮

# નવી ભોજન પ્રથા-રોગ ભગાવો

તંદુરસ્ત જીવન માટે આહાર પણ એક જરૂરી પાસુ છે. યોગ્ય આહારથી આપણે નિરોગી રહી શકીએ છીએ. તો ચાલો આપણે પણ થોડા ફેરફારો સાથેની નવી ભોજન શૈલી અપનાવી નિરોગી રહીએ....

આ ભોજન પ્રથાથી નીચે મુજબના રોગો દુર કરી શકીએ છીએ... જેમાં એસીડીટી, કેન્સર, તાવ, શિળસ, સંતાનપ્રાપ્તિ, ચામડીના તમામ રોગો, કબજીયાત, એઇડ્સ, એલર્જી, ચશ્માનાનંબર, કમરનો દુઃખાવો, ડાયાબિટીશ, સ્વાઇન ફ્લુ, અપચો, ફ્લુ, ટ્રાઇગ્લીસરાઇડ, માથાનો દુઃખાવો, ડાયાલીસીસ, સાંધાનો વા, જાડાપણું, કાયમી શરદી, સોરાયસીસ, થાઇરોઇડ, બી.પી, ટી.બી. કોલેસ્ટ્રોલ, અસ્થમા તથા આંખના રોગો જેવા અનેક રોગો નાબુદ થાય છે કે એમાં સારું પરિણામ પ્રાપ્ત કરી શકીએ છીએ...

**નવી ભોજન પ્રથા :**

સવારે : ઉઠયાના સમયથી ૬ કલાક સુધી કશુ જ લેવાનું નહીં (ચા-નાસ્તો કે પાણી કોઇ જ વસ્તુ નહીં, ૨૫ વર્ષની ઉંમરનાએ ચાર કલાક સુધી) ત્યારબાદ લીલા પાનનો રસ લેવો જેનાથી આંતરિક સફાઇ થશે.

બપોરે : પ્રથમ જયુસ(શકય હોય તો લીલા પાનનો) બાદમાં રાંધ્યા વગરના કાચા કંદમૂળ, ફળ, પાન અને પાણી લેવું રાત્રી સુધી જરૂરીઆત મુજબ પાણી લેવું. જેમાં ગાજર, કાકડી, મુળા, ટામેટા, બટાટા, કોબી, બીટ, ગાજરના પાન, બીટના પાન, ગલકા, દુધી, તુરીયા, ભીંડા, રીંગણ, શકકરીયા, કોળુ, પરવર, પાલક, મેથી, લીલાધાણાં, બીલીપત્ર,ધરો, રજકો, લીલા વટાણાં, મુળાના પાન, ડુંગળી, લીલા વાલ, કાચી મકાઇ, ફણગાવેલ ધાન્ય, તેમજ કોઇપણ કાચા ફળ કુદરતી સ્વરૂપે લઇ શકાય જેમાં સ્વાદ માટે કોઇપણ મરીમસાલા નાખી શકાય, રસ કાઢીને પીવાય, ચટણી બનાવી ને પણ ખાઇ શકાય.

સાંજે : ૪ કલાકે બને ત્યાં સુધી કશું જ નહીં, છતાં જરૂર જણાયતો ફળ, જયુસ, કાચા શાકભાજી-પાનનો રસ વગેરે લેવું.

રાત્રે : રાંધેલા ભોજનમાં રોટલા-રોટલી, દાળ, ભાત, ખીચડી, કઢી, શાકભાજી, મોળીછાસ, અથાણાં, સંચાર, પાપડ, પાણી, ઓછી માત્રામાં દુધ વગેરે...(ભોજનમાં ૭૦% શાકભાજી અને સંચારાનું પ્રમાણ ૩૦%માં અનાજ કઠોળપ દુધ વગેરે) સારા પરીણામ માટે ચા-દુધ બનાવટ તેમજ રાંધેલા ભોજન થોડો સમય બંધ કરવું.

એનિમા લેવાની પધ્ધતિ : આ પ્રયોગ શરૂ કરો એ સાથે દરરોજ સવારે અને સાંજે બે વખત સાદા પાણી સ્વચ્છ પાણીનો એનિમા લેવો એક મહિના સુધી. ત્યારબાદ ક્રમશઃ ઘટાડો કરવો. એનીમાની કોઇપણ જાતની આડ અસર નથી. એનિમા પોટ સંડાસમાં ચાર ફુટ ઉંચે ટાંગી દેવો, તેમાં ચોકખુ પાણી ભરીને હવા કાઢી વાલ્વ બંધ કરી દેવો. ટોઇલેટ જવા બેસો ત્યારેવાલ્વ ખોલી મળદ્વારમાં નળી બેસાડી એનિમા પોટનો વાલ્વ ચાલુ કરવો. આંતરડામાં પાણી જવા લાગશે ૪૦ થી ૫૦ સેકન્ડ પાણી જશે ત્યારબાદ ઉપરથી ફોર્સ આવતા નળી ખેંચી લેવી જુનો મળ, જીવાત, ગંદુ પાણી બહાર આવશે....

નોંધ : આ પ્રયોગ શરૂ કરતા જ શરીરમાં જાડાપણું ઓછું થવા લાગશે સાથે લાંબા સમયથી ઘર કરી ગયેલા રોગો નીકળવા શરૂ થશે. જેની સીધી કે આડકતરી અસર તમારા શરીર પર થશે.જેના પરીણામ રૂપે કોઇને ઝાડા, ઉલટી, શરદી, સળેખમ, માથાનો દુઃખાવો, પગની પીંડીઓ ફાટવી, ચામડીમાં ચળ આવવી, પેશાબ ઘાટો(દુર્ગંધવાળો) આવવો, બગાસા આવવા, પેટમાં દુઃખાવો થવો, ચકકર આવવા વિગેરે કોઇપણ અસર જણાય તો ગભરાવાની જરૂર નથી. શરીમાંથી જુનો મળ નીકળી શરીર નિર્મળ થઇ રહ્યુ છે એમ માની આનંદથી ઝુમી ઉઠવું. જરૂર જણાય તો આ પદ્ધિતીના અનુભવીની સલાહ લેવી.

સહર્ષ જણાવવાનું કે નવેમ્બર-૧૩માં વડોદરા ખાતે યોજાયેલ શ્રી ચૌહાણ સાહેબનો 'નવી ભોજન પ્રથા અપનાવો-રોગ ભગાવો' સેમીનાર એટેન્ડ કરી ઉપરોકત ભોજન પ્રથા અપનાવી.. જેનાથી છેલ્લા દશ વર્ષથી થયેલ દમ, કફ, ખાંસી, તથા શિયાળામાં એ વધી જતા જેની દવા લેવી પડતી તથા પંપ લેવો પડતો. પરંતુ આ પ્રથા અપનાવવાથી મારી તંદુરસ્તી એકદમ સારી થઇ ગઇ છે... આ શિયાળામાં પંપ લેવાની પણ જરૂર નથી પડી... પગપાળા પ્રવાસો પણ નિવિધ્ને કરીએ છીએ... અને એમાં સેવા પણ આપી શકીએ છીએ છતાં કોઇ તકલીફ નથી....

પ્રવિણભાઇ વિઠ્ઠલભાઇ પંચોલી-મો. ૯૯૨૫૨ ૧૩૧૦૩, સી-૪૪, સાંઇનાથ પાર્ક, રાણેશ્વર મંદિર પાસે, વાસણારોડ, વડોદરા-૩૯૩ ૦૦૭.

## શ્રી પંચોલી સમાજ - અમદાવાદ



અમદાવાદના શ્રીમતિ હિરલબેન રાજુલભાઇ પંચોલી ઇન્દિરા ગાંધી રાષ્ટ્ર મુકત વિશ્વ વિદ્યાલયમાં ૭૪.૪૫ ટકાએ ઉત્તિર્ણ થયા છે... વિશિષ્ટ સિદ્ધિ બદલ અમદાવાદ સમાજના સૌ અભિનંદન પાઠવે છે.

# સંસ્થા સમાચાર......

## શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ
## રામનવમી ઉત્સવ

શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇ અને તેની સંલગ્ન સંસ્થાશ્રી પંચોલી ભગીની સમાજ-મુંબઇ તેમજ યુવા મંચ આવિષ્કાર ગ્રુપ સાથે તા. ૦૮.૦૪.૨૦૧૪ને મંગળવારના રોજ સુર્યનારાયણ વાડી, પાંજરાપોળ ખાતે રામનવમી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

સવારે ૯.૩૦ કલાકે રામનવમી ઉત્સવની ઉજવણી માતાજીની આરાધના અને નવચંડી યજ્ઞથી કરવામાં આવી હતી. આ વર્ષે હવન યોજના-૫ના દિવ્ય વર્ષમાં ૪ યુગલોએ ભાગ લીધો હતો. (૧) શ્રીમતિ હિનાબેન અને શ્રી દિપક નગીનલાલ મહેતા-ખેટાચીવાડી(૨) શ્રીમતિ ડિમ્પલ અને શ્રી નયન નવિનચંદ્ર મિસ્ત્રી-મીરારોડ (૩) શ્રીમતિ ધર્મિષ્ઠા અને શ્રી કમલ ઇશ્વરભાઇ મિસ્ત્રી-ખેતવાડી(૪) શ્રીમતિ જયશ્રીબેન અને શ્રી નંદકુમાર નરોત્તમદાસ મિસ્ત્રી-કાંદીવલી બિરાજમાન હતાં. તેમજ શ્રી મધુસુદનભાઇ ઝીણાભાઇ કાપડિયા હવન સ્કીમમાં કોઇપણ નામ ન આવતા એમાં કોઇ બિરાજમાન ન થયું હતું.

સવારે ૧૦.૩૦ કલાકે શ્રી પંચોલી ભગીની સમાજ અને યુવા મંચ આવિષ્કાર ગ્રુપ દ્વારા ‘પંચોલી ખેલો-પંચોલી જીતો'ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાના બાળકોથી લઇ સીનીયર સીટીઝન સુધીની વયના સભ્યોએ ભાગ લીધો હતો. વિવિધ પ્રકારની રમતગમત યોજવામાં આવી હતી. આ કાર્યક્રમના અધ્યક્ષા તરીકે શ્રીમતિ દિવ્યાબેન જયંતિલાલ મિસ્ત્રી બિરાજમાન હતાં. વિવિધ કાર્યક્રમ અને અનેક પ્રકારની રમતનું સંચાલન શ્રી વિશાલ કમલ કાપડિયા, શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી અને શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રીએ સંભાળ્યું હતું. આ રમતગમતના વિજેતાઓને શ્રીમતિ દિવ્યાબેન જયંતિભાઇ મિસ્ત્રી દ્વારા ઇનામ આપવામાં આવ્યા હતાં. ‘પંચોલી ખેલો-પંચોલી જીતો'નાં દરેક વિજેતાઓના ઇનામના સ્પોન્સર પણ અધ્યક્ષા શ્રીમતિ દિવ્યાબેન જયંતિભાઇ મિસ્ત્રી હતાં.

સવારે ભગીની સમાજ મુંબઇની સામાન્ય સભા રાખવામાં આવી હતી. મંત્રી-શ્રીમતિ કેતનાબેન, પ્રમુખ-શ્રીમતિ ઇલાબેન, ઉપપ્રમુખ-શ્રીમતિ મીનાબેન, અધ્યક્ષા શ્રીમતિ દિવ્યાબેન, માનનીય પ્રવિણાબેન કાપડિયા, નારીરત્ન માનનીય હસુમતીબેન મિસ્ત્રી બિરાજમાન હતાં. આ સભામાં મંત્રીએ આગામી વર્ષનાં કાર્યક્રમની રૂપરેખા આપી હતી. અને આગામી વર્ષ ૨૦૧૪-૧૫ માટે શ્રીમતિ ઇલાબેન રજનીકાંત પંચોલીની પ્રમુખપદે નિમણુંક કરવામાં આવી હતી.

બપોરે ૧.૦૦ કલાકે હાજર રહેલ તમામ સભ્યોએ ફરાળી વાનગીને ન્યાય આપ્યો હતો.

બપોરે ૨.૩૦ કલાકે યુવામંચ-આવિષ્કાર ગ્રુપની સામાન્ય સભાનું આયોજન કરેલ હતું. જેમાં અધ્યક્ષા શ્રીમતિ ડિમ્પલ મિસ્ત્રી, મંત્રી જય પંચોલી, ખજાનચી વિશાલ કાપડિયા, સલાહકાર શ્રીમુકેશ પરમાનંદ પંચોલી અને શ્રી આશિષ હરીશભાઇ પંચોલી બિરાજમાન હતાં. મંત્રીશ્રીએ વર્ષ ૨૦૧૩-૧૪નો અહેવાલ અને હિસાબો રજુ કર્યા તેને સર્વાનુ મતે મંજુરી મળી હતી. શ્રીમતિ ડિમ્પલ મિસ્ત્રીએ હાજર રહેલ સૌ સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો. વર્ષ દરમ્યાન સાથ આપનાર સલાહકારોનો આભાર માન્યો હતો. વર્ષ ૨૦૧૪-૧૫ માટે ફરીથી શ્રીમતિ ડિમ્પલ મિસ્ત્રીની વરણી કરવામાં આવી હતી. ત્યારબાદ સભા ને બરખાસ્ત થયેલી જાહેર કરવામાં આવી હતી.

બપોરે ૪.૦૦ કલાકે માતાજીના હવનની પૂર્ણાહુતિ થઇ હતી. જેમાં હાજર રહેલ દરેક સભ્યોએ માતાજીની આરતી અને પ્રસાદ નો લાભ લીધો હતો.

સાંજે ૫.૦૦ કલાકે શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇની સામાન્ય સભાનું આયોજન કરેલ હતું. જેમાં કુલ ૧૬૮ સભ્યોની હાજરીમાં મંત્રીશ્રી ભાવિક કાપડિયાએ સામાન્ય સભાની શરૂઆત કરી હતી. સર્વ પ્રથમ રામનવમી પ્રસંગના અધ્યક્ષ શ્રી જયંતિભાઇ મંગુભાઇ મિસ્ત્રી અને પ્રમુખશ્રી ડો. ભુપેન્દ્રભાઇ પંચોલીએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યુ. ઉપપ્રમુખ શ્રી મુકેશભાઇ પંચોલી, ઉપપ્રમુખ શ્રી આશિષ પંચોલી, મંત્રીશ્રી ભાવિક કાપડિયા, ખજાનચી શ્રી રાહુલભાઇ મિસ્ત્રી, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ઇલાબેન, યુવા મંચના અધ્યક્ષા શ્રીમતિ ડિમ્પલ મિસ્ત્રી, ઓડિટર કિરણભાઇ પંચોલી જેવા મહાનુભાવોએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યુ હતું.

સામાન્ય સભાની શરૂઆત કરતાં પહેલાં વર્ષ દરમ્યાન દેવલોક પામેલા ૪ દિવંગત આત્માઓ માટે બે મિનિટનું મૌન પાડવામાં આવ્યું તેમજ વર્ષ દરમ્યાન સ્વ. બળવંતભાઇ ઘેલાભાઇ પંચોલી અને સ્વ. શ્રી મહેન્દ્રભાઇ ગાંડાભાઇ પંચોલી જેવા અગ્રણી સભ્ય તેમજ સક્રિય કાર્યકર્તાની ખોટ કયારેય પણ પુરી ન શકાય તે માટે શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

એજન્ડા ૧ : મુજબ ગત વર્ષની સામાન્ય સભાની

મિનિટસનું વાંચન મંત્રીશ્રી ભાવિક કાપડિયાએ કર્યુ હતું અને તેને સર્વાનુમતે મંજુરી આપી હતી.

એજન્ડા ૨ : મુજબ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ અને તેની સંલગ્ન સંસ્થા અને ટ્રસ્ટના હિસાબની રજુઆત ખજાનચીશ્રી રાહુલ મિસ્ત્રીએ કરી હતી. અને તેને મંજુરી મળી હતી. ભગીની સમાજ અને આવિષ્કાર ગ્રુપના હિસાબોની રજુઆત શ્રીમતિ ડિમ્પલ મિસ્ત્રીએ આપી હતી અને તેને સર્વાનુમતે મંજુરી આપી હતી.

એજન્ડા ૩ : મુજબ નિભાવ ફંડ અંગે ચર્ચા વિચારણા જેમાં ગત વર્ષની સામાન્ય સભામાં નિભાવ ફંડ માટે રૂા. ૬,૬૬૬/-ની મંજુરી આપી હતી. તેમજ નવા સભ્યોને નિભાવફંડની રકમ રૂા. ૧૧,૧૧૧/-ની મંજુરી મળી હતી. તે માટે આખા વર્ષ દરમ્યાન એક પણ નવા સભ્ય ન બનતા નવા સભ્યની રકમ ઘટાડીને રૂા. ૬,૬૬૬/- કરવામાં આવી હતી. જેમાં નવા સભ્યની મેમ્બર ફી રૂા. ૩૫૧/- અને નિભાવ ફંડ માટે રૂા. ૬,૬૬૬/- લેવામાં આવશે એવો નિર્ણય લેવામાં આવ્યો. તે માટે ઉગ્ર ચર્ચા વિચારણા બાદ આ પ્રસ્તાવને સર્વાનુમતે મંજુરી મળી હતી.

એજન્ડા ૪ : પ્રમુખશ્રીની મંજુરીથી રજુ થાય તે.... જેમાં ઉપપ્રમુખ શ્રી મુકેશભાઇ પંચોલીએ દિપોત્સવી રસોત્સવનો અહેવાલ આપ્યો હતો. ત્યારબાદ આગામી વર્ષ દરમ્યાન શૈક્ષણિક સહાય અને નોટબુક સહાય અંગેની જાણ મંત્રીશ્રી ભાવિક કાપડિયાએ આપી હતી. આગામી વર્ષમાં તા. ૮.૦૬.૨૦૧૪ અને ૧૦.૮.૨૦૧૪ના રવિવાર. સવારે ૧૦થી ૨ દરમ્યાન 'સુવર્ણધામ' ખેતવાડી ખાતે આપવામાં આવશે એવી જાણ કરવામાં આવી.

ડો. ભુપેન્દ્રભાઇ પંચોલીએ પોતાનાં તમામ કારોબારી સભ્યનો આભાર વ્યકત કર્યો હતો. વર્ષ ૨૦૧૪-૧૫ માટે તેમની ફરીથી પ્રમુખ તરીકેની નિમણુંક કરવામાં આવી હતી. ભગીની સમાજના પ્રમુખ શ્રીમતિ ઇલાબેન અને યુવા મંચના અધ્યક્ષ શ્રીમતિ ડિમ્પલ મિસ્ત્રીનું બહુમાન કરવામાં આવ્યું હતું અને મંત્રીશ્રી ભાવિક કાપડિયાએ સભામાં હાજર રહેવા બદલ દરેક સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો. અને ત્યારબાદ મિટિંગ બરખાસ્ત જાહેર કરી હતી. સર્વે સભ્યોએ સાંજે સુંદર ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

રામનવમી ના ઉત્સવમાં મળેલ ભેટ.....

૪૪૪૪ શ્રી જયંતિભાઇ મંગુભાઇ મિસ્ત્રી-ગોલદેવળ અધ્યક્ષ સ્થાનેથી
૭૫૦૦ એક સદ્‌ગ્રહસ્થ તરફથી-વિધવા સહાય
૫૫૫૫ શ્રી નરેશભાઇ બળવંતરાય મિસ્ત્રી-ગોરેગાવ શ્રદ્ધાંજલી
૨૦૦૦ શ્રી દેવાંગ મહેન્દ્રભાઇ પંચોલી-ગોરેગાવ શ્રદ્ધાંજલી
૨૦૦૦ શ્રી ઉદયશંકર પ્રેમશંકર પાઠક-જાહેરખબર
૨૦૧ શ્રી નયન નવિનચંદ્ર મિસ્ત્રી-મીરારોડ વર્ષગાંઠ નિમિત્તે
૧૦૧ શ્રી પ્રિતેશ નંદકુમાર મિસ્ત્રી-કાંદીવલી વર્ષગાંઠ નિમિત્તે

મહેમાન ફી

૨૦૦ શ્રી ભાવિક મોહનલાલ કાપડિયા-મીરારોડ
૧૦૦૦ શ્રી દિપક નગીનલાલ મહેતા-મુંબઇ
૬૦૦ શ્રી નયન નવિનચંદ્ર મિસ્ત્રી-મીરારોડ
૪૦૦ શ્રી કમલ ઇશ્વરભાઇ મિસ્ત્રી-ખેતવાડી

રામનવમી ભેટ

૧૦૧ નારીરત્ન હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી-અંધેરી
૨૦૧ શ્રીમતિ અમિષા અજયભાઇ પંચોલી-અંકલેશ્વર
૧૦૧ શ્રી જયંતિભાઇ નરોત્તમદાસ મિસ્ત્રી-નવસારી
૧૦૦ શ્રી નગીનભાઇ નરોત્તમદાસ મિસ્ત્રી-અમદાવાદ
૧૧૧ શ્રીમતિ ઉષાબેન જયંતીભાઇ મિસ્ત્રી-નવસારી
૫૦૧ શ્રી નંદકુમાર નરોત્તમભાઇ મિસ્ત્રી-કાંદીવલી
૭૦૦ શ્રી દિપક નગીનલાલ મહેતા-ખેતાચીવાડી
૭૦૦ શ્રી નયન નવિનચંદ્ર મિસ્ત્રી-મીરારોડ
૭૦૧ શ્રી કમલ ઇશ્વરલાલ મિસ્ત્રી-ખેતવાડી
૧૧૧ શ્રી સનતકુમાર રામદાસ પંચોલી-વ્યારા
૨૫૧ શ્રીમતિ દિવ્યાબેન જયંતિલાલ મિસ્ત્રી-મુંબઇ
૧૫૧ શ્રી રશ્મીનભાઇ પંચોલી પરિવાર-ખેતવાડી
